૮૦૨/૯૩૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦)** **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૨**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પરબ્રહ્મ સર્વસુખસાગર
(૧) ☐ તેઓ તો સર્વસુખમાત્રના રાશિ છે.
(૨) ☐ ભગવાનના એક મિનિટમાત્રના દર્શનમાં અનંત કોટિ બ્રહ્માંડના વિષયસુખને વારીફેરી નાખી દઈએ.
(૩) ☐ ભગવાન અસંખ્ય કોટિ જે બ્રહ્માંડરૂપ ગામ તેના રાજાધિરાજ છે.
(૪) ☐ ભગવાનના સ્વરૂપમાં સર્વે સુખ ભેળાં રહ્યાં છે.

૨. આશ્રિત સંતો ભક્તો દ્વારા ઐશ્વર્ય દર્શન
(૧) ☐ ભાદરામાં લાલજી સુથારના સંકલ્પમાત્રથી અનંત કીડીઓ ભૂમાપુરુષના લોકમાં ગઈ.
(૨) ☐ ગોપાળાનંદ સ્વામીએ ગ્રહણ અટકાવ્યું.
(૩) ☐ વિષ્ણુદાસને બદરિકાશ્રમ મોકલીને ત્યાંથી બોર મંગાવ્યું.
(૪) ☐ વ્યાપકાનંદ સ્વામીએ મરેલી ઘોડી જીવતી કરી.

૩. શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું સંત દ્વારા
(૧) ☐ ભગવાન અને મોટા સંતને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.
(૨) ☐ પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય.
(૩) ☐ સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.
(૪) ☐ પ્રત્યક્ષ ભગવાનથી જ આત્યંતિક કલ્યાણ થાય છે.

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં પોતાની મૂર્તિ ક્યાં અને ક્યા નામે પધરાવી છે ?
૨. મુક્તિમીમાંસા એટલે શું ?
૩. ભગવાન સ્વામિનારાયણે આત્યંતિક મુક્તિની સાધનામાં પરબ્રહ્મના સ્વરૂપની જેમ જ કોના સ્વરૂપને પણ યથાર્થ સમજવાની અનિવાર્યતા દર્શાવી છે ?
૪. શ્રી સ્વામિનારાયણ દર્શનનાં પાંચ અનાદિ તત્ત્વોમાં પાંચમું તત્ત્વ કયું છે ?
૫. ઈશ્વર કેવું તત્ત્વ છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** ''બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ મનનાદિકે કરીને કરે.'' (લોયા - ૭)
**ઉત્તર :-** બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ

૧. પ્રત્યક્ષ ભગવાનનું જ્ઞાન એ જ ખરું જ્ઞાન છે.
૨. એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષર રૂપે થાય છે.
૩. જેમ સો સો શૂન્ય સારાં કરે, પણ એક ન કરે જો આગળે; તે સરવાળો શાનો મેલશે, જે કરે છે કાળપ કાગળે.
૪. જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે.
૫. માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે ભગવાનના સ્વરૂપને વિશે ત્રિકાળમાં છે જ નહિ.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવા માટે
**ઉત્તર :-** ૧. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ ૨. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા
૩. અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મની અનિવાર્યતા

૧. શ્રીજીમહારાજે સ્વસ્વરૂપ વિશે કરેલી વિભિન્ન વાતોનું રહસ્ય ૨. અવતારવાદ

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજ સર્વોપરી : વચનામૃત અને સ્વામીની વાતોના આધારે **અથવા** ૨. દ્વન્દ્વોમાં સ્થિરતાનો ઉપાય
૩. બંધનનું સ્વરૂપ અને મુક્તિનું સ્વરૂપ **અથવા** ૪. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રાજ્ઞ-૨-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) [૧૦]

૧. અક્ષરબ્રહ્મનું સર્વ તત્ત્વોથી ભિન્નપણું

૨. શ્રીજીમહારાજે સ્વસ્વરૂપ વિશે કરેલી વિભિન્ન વાતોનું રહસ્ય

## વિભાગ - ૨ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે

પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) [૧૨]

૧. યજ્ઞપુરુષદાસે જુદી જુદી વ્યક્તિઓને ભગતજીનો કરાવેલો નિશ્ચય

૨. અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષક ભગતજી

૩. ભગતજી મહારાજનું શાસ્ત્રીજી મહારાજ પર હેત

પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) [૮]

૧. ખુશાલ ભટ્ટના અલૌકિક ઐશ્વર્ય

૨. ભગતજી અને સ્વામી પવિત્રાનંદજી

૩. જૂનાગઢમાં ભગતજી મહારાજે કરેલી સાધના

પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.
(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) [૧૨]

૧. ભગતજીને સ્વામીના ત્રણ વર

૨. ભગવાનને ભૂલીને વાસણ ઉટકે છે ?

૩. સ્વામીનું વરતાલમાં અપમાન

૪. વિજ્ઞાનદાસજી આદિને વરતાલ બહાર કર્યા.

૫. સત્પુરુષનો હેડો

પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. [૮]

૧. કૃષ્ણસ્વરૂપદાસ સ્વામી (અમદાવાદ)  ૨. શામજીભાઈ મહુવા

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. [૪]

૧. કોની બુદ્ધિ ભેદાતી નથી ?

૨. કારણ શરીર કેવું છે ?

૩. મહારાજે કયા વચનામૃતમાં કહ્યું છે કે હું મારા મહિમાના પારને પામતો નથી ?

૪. શ્રીજીમહારાજના ચરણારવિંદ પૃથ્વી પર ક્યારે આવ્યા ?

પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) [૬]

૧. જીવ લીલો પલ્લવ કેમ થાતો નથી ?

૨. મન, કર્મ અને વચને સત્પુરુષનો સંગ કેમ કરવો ?

૩. આજ વર્તમાન પળાવીને કેમ કલ્યાણ કરે છે ?

પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) [૬]

૧. પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે ?

૨. વાંદરાનું આળું.

૩. હું સદ્‌ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું.

પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.
(આઠ થી દસ લીટીમાં) [૪]

૧. આંબાશેઠને મહારાજના ચરિત્રમાં મનુષ્યભાવ આવ્યો.

૨. લાડુબા - જીવુબાના ઉપદેશે કરીને બ્રાહ્મણની જેમ લાડુદાનજીના સર્વે મનસૂબા ખોટા થઈ ગયા.

૩. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા સ્વામીને મહારાજનું સુખ આપ્યું.

૪. યોગીજી મહારાજ કહેતા - 'સંપ, સુહૃદભાવ ને એકતા રાખ્યા વિના છૂટકો નથી.'

❊ ❊ ❊

નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.